# ડો. જીવરાજ મહેતા ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી, મોગર, જી. આણંદ (ગુજરાત)

## સીવીલ સર્વિસ પરીક્ષા અને અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓ ધ્વારા યુવા શકિતની કારર્કિદી ઘડતર યોજના

---

**પ્રસ્તાવના :–**

ડો. જીવરાજ મહેતા ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી, મોગર, જી. આણંદ (ગુજરાત) ધ્વારા ટેકનોલોજી ઈન્સ્ટીટયુટનું સંચાલન કરવામાં આવી રહેલ છે. જેમાં આ વિસ્તારના ગરીબ અને નબળા વર્ગના વિધ્યાર્થીઓ સહિતના વિધ્યાર્થીઓ ખુબ જ મોટા પ્રમાણમાં પ્રવેશ મેળવી ટેકનોલોજીનું જ્ઞાન પ્રાપ્ત કરી રહેલ છે. સંસ્થા ધ્વારા યુવા વર્ગને સરકારી નોકરીઓ પ્રાપ્ત થાય અને કેન્દ્ર સરકાર તથા રાજય સરકારમાં ઉચ્ચ હોદ્દા ઉપર ગુજરાતના યુવાનો જોડાય તેવા ઉચ્ચતમ અભિગમ સાથે સંસ્થાએ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે યુવા વર્ગને તાલીમ આપવાનું સાહસ ખેડયુ છે. યુનિયન પબ્લીક સર્વિસ કમિશન ધ્વારા લેવાતી સીવીલ સર્વિસ પરીક્ષાઓ અને ગુજરાત પબ્લીક સર્વિસ કમિશન ધ્વારા લેવાતી ગુજરાત સરકારની જુદા જુદા સંવર્ગની જગ્યાઓ માટેની સ્પર્ધાત્મક પરીક્ષાઓની પૂર્વતૈયારી માટે યુવાનોને તૈયાર કરવા માટે સંસ્થાએ કદમ ઉઠાવેલ છે.

યુવા શકિતના સર્વાંગી વિકાસ માટે રોલ મોડલ તરીકે ઘણી સંસ્થાઓ ગુજરાત રાજયમાં કાર્યરત છે. ડો. જીવરાજ મહેતા ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી ધ્વારા સમાજ માટે પ્રેરણારૂપ અને અનુકરણીય રોલ મોડલ તૈયાર કરવા માટેનું આ પ્રથમ સોપાન છે. યુવાઓ ધ્વારા એક સબળ, સમૃઘ્ધ, સક્ષમ અને સ્વાવલંબી ભારતનું નિર્માણ થાય, યુવાનો દેશની આવતી કાલ છે. દેશ અને દુનિયા સાથે આપણા યુવાનો તાલ મિલાવી શકે અને તેમની તેજસ્વી આંખોના સપના સાકાર કરી શકે તે માટે નવી પેઢીને આગળ લાવવા માટે ડો. જીવરાજ મહેતા ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી ધ્વારા આ પહેલ કરવામાં આવેલ છે. લોકશાહીના મુખ્ય ચાર આધારસ્તંભ – રાજ તંત્ર, મીડીયા તંત્ર, ન્યાય તંત્ર અને સંરક્ષણ છે. વેપાર, ઉધ્યોગ, રોજગાર અને ધંધાકીય દરેક ક્ષેત્રે યુવાનો જવાબદારી ઉઠાવે અને પરીણામો આપે તે જરૂરી છે. કુદરતની વિશાળ દુનિયામાં જે વિપુલ તકો પડેલી છે તે તકોને ઝડપવા હવે યુવાનોને આગળ આવવું પડશે અને તે માટે આપણે પણ યુવાનોને યોગ્ય પ્લેટફોર્મ અને વ્યવસ્થા પુરી પાડવી પડશે. યુનિયન પબ્લીક સર્વિસ કમીશન, નવી દિલ્હી ધ્વારા સીવીલ સર્વિસ પરીક્ષાઓ લેવામાં આવે છે અને તે પરીક્ષામાં પાસ થનાર યુવક–યુવતિઓને આઈ.એ.એસ., આઈ.પી.એસ. સહિતની ૨૪ જેટલી વિવિધ કેન્દ્રીય સેવાઓમાં પસંદગી થાય છે તે જ રીતે રાજય ક્ષેત્રે પણ ગુજરાત પબ્લીક સર્વિસ કમિશન ધ્વારા સ્પર્ધાત્મક પરીક્ષાઓનું આયોજન કરવામાં આવે છે જેમાં સીધી ભરતીના નાયબ કલેકટરો, નાયબ સુપ્રિન્ટેન્ડન્ટ ઓફ પોલીસ, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, જિલ્લા રજિસ્ટ્રાર (સહકારી મંડળીઓ), નાયબ નિયામક, નશાબંધી અને આબકારી જેવી મહત્વની વર્ગ–૧ અને વર્ગ–૨ ની પરીક્ષાઓ ધ્વારા યુવક–યુવતિઓ પોતાની કારર્કિદીનું ઘડતર કરે છે.

યુનિયન પબ્લીક સર્વિસ કમીશન, દિલ્હી ધ્વારા સીવીલ સર્વિસ પરીક્ષા જે બીનતકનીકી વર્ગ–૧ પરીક્ષા તરીકે ઓળખાય છે. જેમાં કેન્દ્ર સરકારની સનદી સેવાઓનો સમાવેશ થાય છે. આ તમામ સેવાઓએ યુવક–યુવતિઓને કારકિર્દીની સુવર્ણ તકો પુરી પાડે છે. જેમાં અખિલ ભારતીય સીવીલ સર્વિસીસમાં ભારતીય વહીવટી સેવા (આઈ.એ.એસ.), ભારતીય વિદેશી સેવા (આઈ.એફ.એસ.) અને ભારતીય પોલીસ સેવા (આઈ.પી.એસ.) નો સમાવેશ થાય છે. જયારે જુથ–એ સીવીલ સર્વિસીસ પરીક્ષાઓમાં ભારતીય એકાઉન્ટસ એન્ડ ફાઈનાન્સ સર્વિસીસ, ભારતીય ઓડીટ અને એકાઉન્ટન્ટ સેવા, ભારતીય મહેસુલ સેવા, ભારતીય સંરક્ષણ એકાઉન્ટ સેવા, ભારતીય ઓડીનન્સ ફેકટરીસ સર્વિસ, ભારતીય ટપાલ સેવા, ભારતીય સીવીલ એકાઉન્ટ સર્વિસ, ભારતીય રેલ્વે ટ્રાફીક સેવા, ભારતીય રેલ્વે એકાઉન્ટ સર્વિસ, ભારતીય રેલ્વે કર્મચારી સેવા, ભારતીય કોમ્યુનિકેશન ફાઈનાન્સ સર્વિસીસ, ભારતીય માહીતી સેવા, ભારતીય વેપાર સેવા અને ભારતીય કોર્પોરેટ લો સર્વિસનો સમાવેશ થાય છે. જયારે જુથ–બી માં નાગરિક સેવાઓ, સશસ્ત્ર દળનું મુખ્ય મથક સીવીલ સર્વિસ, દિલ્હી, આંદામાન અને નિકોબાર આઈસલેન્ડ સીવીલ સર્વિસ, દિલ્હી, આંદામાન અને નિકોબાર આઈસલેન્ડ પોલીસ સર્વિસ, પાંડીચેરી સિવીલ સર્વિસ, પાંડુચેરી પોલીસ સેવા વિગેરેનો સમાવેશ થાય છે.

**સનદી સેવાઓનો પૂર્વ ઈતિહાસ :–**

(૧) સનદી સેવાઓની પરીક્ષા લેવાની ભારતમાં સૌપ્રથમ શરૂઆત સને ૧૮૫૫ માં લંડન ખાતેથી થઈ તે સમયે ભારતીય સનદી સેવાઓની પરીક્ષાઓ "Indian Covenanted Civil Service (ICCS)" તરીકે ઓળખાતી જે સને ૧૮૫૫ માં સ્થપાયેલ સીવીલ સર્વિસ કમિશન ધ્વારા લેવામાં આવતી. ભારતમાં એકસાથે આ પરીક્ષા યોજવાની તરફેણમાં સને ૧૮૫૬ માં સૌપ્રથમ માંગ થયેલ હતી. બ્રિટીશ સરકાર સાથે કરવામાં આવેલા લાંબા સમય સુધીના પ્રયત્નોના પરીણામે આ પરીક્ષા પ્રથમ વખત સને ૧૯૨૨ માં ભારતમાં યોજવામાં આવી હતી.

(૨) સને ૧૯૨૬ માં ભારતમાં જાહેર સેવા આયોગની સ્થાપના કરવામાં આવી. જેણે બ્રિટીશ સીવીલ સર્વિસ કમિશન વતી ભારતમાં ઈમ્પીરીયલ સીવીલ સર્વિસ (આઈ.સી.એસ.) પરીક્ષા લેવાની શરૂઆત કરી. આમછતાં તેનું મર્યાદિત સલાહકાર કાર્ય લોકોની આકાંક્ષાઓને સંતોષવામાં યોગ્ય પરીણામ આપી શકયું ન હતું અને સ્વતંત્રતા ચળવળના નેતાઓ ધ્વારા આ બાબતે ખૂબ જ ચર્ચા–વિચારણા અને સતત તણાવને પરીણામે ભારત સરકારના અધિનિયમ, ૧૯૩૫ હેઠળ "ફેડરલ પબ્લીક સર્વિસ કમિશન"ની સ્થાપના કરવામાં આવી. આ કાયદા હેઠળ, રાજય કક્ષાએ એટલે કે પ્રાંતિય સ્થળે પણ જાહેર સેવા આયોગની રચના માટે પ્રથમ વખત જોગવાઈ કરવામાં આવી હતી.

(૩) સને ૧૯૩૭ થી ફેડરલ પબ્લીક સર્વિસ કમિશન ધ્વારા બ્રિટીશ સીવીલ સર્વિસ કમિશનથી સ્વતંત્ર ભારતીય સીવીલ સર્વિસ પરીક્ષાઓ યોજવામાં આવી.

(૪) સને ૧૯૪૩ પછી ભારતીય વહીવટી સેવા, ભારતીય પોલીસ સેવા, ભારતીય ઓડીટ અને એકાઉન્ટ સેવા અને તેનાથી સંબંધિત તમામ સેવાઓની ભરતી સ્થગિત કરવામાં આવી તે સને ૧૯૪૬ સુધી બંધ રહી. આ સમયગાળા દરમ્યાન ભારતમાં બંધારણ ઘડવાની શરૂઆત થયેલી. જેમાં સીવીલ સર્વિસ કમિશન બાબતે ખૂબ જ વિશદ્ ચર્ચા કરવામાં આવેલી. આ ચર્ચામાં ભારતના લોખંડી પુરુષ અને ગુજરાતના સપૂત સરદાર વલ્લભભાઈ પટેલ ધ્વારા, સુભાષચંદ્ર બોઝ ધ્વારા ભૂતકાળમાં સૂચવેલ કથનનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે, "દરેક દેશમાં પ્રધાનો આવે છે અને જાય છે પરંતુ "સ્ટીલ ફ્રેમ" જેવી કાયમી સેવાઓ હંમેશા માટે રહેશે. જે દરેક દેશમાં ખરેખર શાસનકર્તા રહેશે." સાથે ભારતમાં વિવિધતામાં એકતા લાવવા માટે પણ સનદી સેવા મહત્વની ભૂમિકા ભજવશે. ખૂબ ચર્ચા–વિચારણા બાદ સરદાર વલ્લભભાઈ પટેલના અડગ નિર્ણયથી ભારતીય સીવીલ સર્વિસ સેવાને સ્વતંત્ર ભારતમાં ચાલુ રાખવાની દરખાસ્તને બંધારણમાં માન્યતા આપવામાં આવી. અંતે સ્વતંત્ર ભારતમાં સીવીલ સર્વિસનો પાયો નાંખનાર સરદાર વલ્લભભાઈ પટેલને "ફાધર ઓફ સીવીલ સર્વિસ" નો દરજ્જો આપવામાં આવ્યો. ૨૧મી એપ્રિલ, ૧૯૪૭ના રોજ, ગ્રેટર કૈલાસ, નવી દિલ્હી ખાતે ભારતના પ્રથમ ગૃહમંત્રી અને નાયબ વડાપ્રધાન સરદાર વલ્લભભાઈ પટેલ ધ્વારા ભારતીય વહીવટી સેવાના પ્રથમ જૂથને ઉદ્બોધન કરતાં જણાવ્યું કે, "તમે ભારતીય સીવીલ સર્વિસમાં અગ્રેસર છો અને સેવાનું ભાવી તમારા ધ્વારા, તમારા ચારિત્ર્યની ક્ષમતા અને તમારી સેવા ભાવનાના પાયા અને પરંપરા ઉપર નિર્ભર રહેશે." સ્વતંત્રતા પછી, ભારતની બંધારણ સભાએ સીવીલ સર્વિસીસમાં નિરપેક્ષ ભરતી સુનિશ્ચિત કરવા તેમજ સેવાઓને કાયદેસર રક્ષણની મંજૂરી આપવા માટે, કેન્દ્ર અને રાજય કક્ષાએ, જાહેર સેવા આયોગોને સલામત અને સ્વાયત દરજ્જો આપવાની જરૂરીયાત જણાતાં તા. ૨૬–૧–૧૯૫૦ના રોજ નવા બંધારણની ઘોષણા સાથે, ફેડરલ પબ્લીક સર્વિસ કમિશને આર્ટીકલ–૩૧૫ અંતર્ગત એક સ્વાયત સંસ્થા તરીકે બંધારણીય દરજ્જો આપવામાં આવ્યો હતો અને તેને "યુનિયન પબ્લીક સર્વિસ કમિશન ( યુ.પી.એસ.સી.)" ની ઓળખ આપવામાં આવી હતી.

(૫) યુનિયન પબ્લીક સર્વિસ કમિશન નાગરીક સેવાઓમાં ભરતી, બઢતી અને શિસ્તથી સંબંધિત અન્ય બાબતો માટે ભારતના બંધારણના આર્ટીકલ – ૩૦૯ અને ૩૧૧ હેઠળ સામેલ કરવામાં આવી છે. આર્ટીકલ – ૩૧૧(૨) અંતર્ગત તપાસ કર્યા સિવાય કોઈપણ વ્યકિતને બરતરફ અથવા દૂર કરી શકાશે નહી અથવા રેન્કમાં ઘટાડો કરી શકાશે નહી. જેવી જોગવાઈ બંધારણમાં જ કરવામાં આવી.

(૬) ઓલ ઈન્ડીયા સર્વિસીસ એકટ, ૧૯૫૧ હેઠળ ભરતી અને સેવાની શરતોનું નિયમન અને નિયમો ઓલ ઈન્ડીયા સેવાઓના સંદર્ભે થાય છે. સંબંધિત કાયદાકીય જોગવાઈઓથી કેન્દ્રીય સીવીલ સર્વિસીસના સંદર્ભમાં સમાન નિયમો અસ્તિત્વમાં છે. આ નિયમોની દૃષ્ટિએ યુ.પી.એસ.સી. ધ્વારા દર વર્ષે વિવિધ સીવીલ સર્વિસ પરીક્ષા લેવામાં આવે છે.

**સીવીલ સર્વિસ પરીક્ષાઓ – સમયાનુસારનો અભ્યાસક્રમ અને પરીક્ષા પધ્ધતિ :–**

(૧) સને ૧૯૪૭ અને સને ૧૯૫૦ની વચ્ચે ભારતીય વહીવટી સેવા (આઈ.એ.એસ.), ભારતીય વિદેશી સેવા (આઈ.એફ.એસ.) અને ભારતીય પોલીસ સેવા (આઈ.પી.એસ.) જેવી બીનતકનીકી સેન્ટ્રલ સર્વિસીસમાં ભરતી માટે વર્ષમાં એકવાર સંયુકત સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવતી હતી. જેના માટે ત્રણ ફરજિયાત પેપર હતા. જેમાં અંગ્રેજી, નિબંધ અને સામાન્ય જ્ઞાનનો સમાવેશ થતો હતો. દરેક પેપરના ૧૫૦ ગુણ હતા. આઈ.એ.એસ., આઈ.એફ.એસ. અને સેન્ટ્રલ સર્વિસીસમાં ત્રણ વૈકલ્પિક વિષયો હતા જયારે આઈ.પી.એસ. માટે ફકત બે જ વિષયો હતા.

(૨) સને ૧૯૫૧ થી આઈ.એ.એસ. અને આઈ.એફ.એસ. માટે બે વધારાના વૈકલ્પિક વિષયો ઉમેરાયા હતા.

(૩) સને ૧૯૫૫ માં જાહેર સેવા સમિતિ ધ્વારા (ભરતી માટેની લાયકાત) ભલામત કરવામાં આવી હતી કે "શ્રેષ્ઠ ઉમેદવારને ઓળખવા માટે, સંયુકત સ્પર્ધાત્મક પરીક્ષાના પ્રયત્નોની સંખ્યા, વય મર્યાદામાં ઘટાડો વગેરે કરવા જરૂરી છે. તે સમયે પ્રયાસોની સંખ્યા  ઘટાડવા માટેની ભલામણોને સરકારે સ્વીકારી હતી અને આ જુદી જુદી કક્ષાઓમાં પ્રયાસો / પ્રયત્નોની સંખ્યા અલગથી ગણાવી શકાય જેવી જોગવાઈ કરી હતી.

(૪) ડો. દોલતસિંઘ કોઠારીની અધ્યક્ષતાવાળી સમીક્ષા સમિતિની નિમણુંક પૂર્વે સીવીલ સર્વિસ પરીક્ષાઓની રચના જોઈએ તો આઈ.એ.એસ. આઈ.એફ.એસ. અને સેન્ટ્રલ સર્વિસ માટે વયમર્યાદા ૨૧ થી ૨૬ વર્ષ જયારે આઈ.પી.એસ. માટે ૨૦ થી ૨૬ વર્ષની જોગવાઈ હતી. શૈક્ષણિક લાયકાત માટે તમામ સેવાઓમાં કોઈપણ વિષયમાં પ્રથમ ડીગ્રીની જરૂરીયાત હતી. દરેક સેવાઓ માટે અલગ અલગ રીતે વધુમાં વધુ ત્રણ પ્રયત્નો (પ્રયાસો) આપવામાં આવતા. દરેક સેવાઓની લેખિત પરીક્ષા માટે ફરજિયાત વિષયોમાં અંગ્રેજી, સામાન્ય જ્ઞાન અને નિબંધ નો  કુલ – ૪૫૦ માર્કસની પરીક્ષા યોજાતી (દરેક વિષયના ૧૫૦ ગુણ પ્રમાણે) આઈ.એ.એસ., આઈ.એફ.એસ. અને સેન્ટ્રલ સર્વિસીસ માટે સ્નાતક કક્ષા સુધીના ત્રણ વૈકલ્પિક વિષયો હતા જયારે આઈ.પી.એસ. માટે બે વૈકલ્પિક વિષયો હતા. વૈકલ્પિક વિષયમાં દરેક પેપર ૨૦૦ ગુણના હતા. સાથે આઈ.એ.એસ. અને આઈ.એફ.એસ. માટે અનુસ્નાતક કક્ષા સુધીના બે વધારાના વિષયો પણ લેખિત પરીક્ષામાં હતા. જેના માટે દરેક પેપરના ૨૦૦ ગુણ હતા.

**ઈન્ટરવ્યુ પધ્ધતિ :–**

ઈન્ટરવ્યુ પધ્ધતિમાં આઈ.એ.એસ. માટે ૩૦૦ ગુણ, આઈ.એફ.એસ. માટે ૪૦૦ ગુણ અને આઈ.પી.એસ. અને સેન્ટ્રલ સર્વિસી માટે ૨૦૦ ગુણનું ઈન્ટરવ્યુ યોજવામાં આવતું હતું. અંતે તમામ સેવાઓ માટે પરીક્ષાના કુલ ગુણ જોઈએ તો આઈ.એ.એસ. માટે ૧૭૫૦ ગુણ, આઈ.એફ.એસ. માટે ૧૮૫૦ ગુણ, આઈ.પી.એસ. માટે ૧૦૫૦ ગુણ અને સેન્ટ્રલ સર્વિસીસ માટે ૧૨૫૦ ગુણ હતા.

(૫) સને ૧૯૬૯ થી ભારતીય સનદી સેવાઓની પરીક્ષા આપતા ઉમેદવારોને નિબંધ અને સામાન્ય જ્ઞાનના ફરજીયાત વિષયો લખવા માટે અંગ્રેજી ઉપરાંત, ભારતના બંધારણની અનુસુચિ – ૮ માં સમાયેલી ભારતીય ભાષાની પસંદગી કરવાનો વિકલ્પ આપવામાં આવ્યો હતો. જે મુજબ ગુજરાતના વિદ્યાર્થીઓ માતૃભાષામાં એટલે કે ગુજરાતી ભાષામાં આ બંને પેપરો લખી શકે તેવી જોગવાઈ છે. કોઠારી સમિતિના અમલીકરણમાં સને ૧૯૭૯માં થયેલા સુધારામાં પ્રાથમિક પરીક્ષામાં ફકત બે પેપર લેવામાં આવ્યા. જેમાં (૧) અંગ્રેજી – ૧૫૦ ગુણ અને (૨) વૈકલ્પિક વિષય – ૩૦૦ ગુણ હતા. બંને પેપરો ઓબ્જેકટીવ પ્રકારના હતા.

(૬) સરકારે એમ પણ નકકી કર્યુ કે, મુખ્ય પરીક્ષામાં નીચેના – ૮ પેપર જેમાં દરેકના ૩૦૦ ગુણ હોવા જોઈએ અને ઈન્ટરવ્યુ ૨૫૦ ગુણનું હોવું જોઈએ. જેમાં ભારતીય ભાષાનું પેપર અને અંગ્રેજી ભાષાનું પેપર ફકત કવોલીફાઈંગ હતું. જયારે સામાન્ય જ્ઞાન માટે બે પેપર હતા. પ્રથમ વૈકલ્પિક વિષયના બે પેપર અને ધ્વિતીય વૈકલ્પિક વિષયના બે પેપર હતા. આમ મળીને કુલ – ૮ પેપરો હતા. આ પેપરના જવાબોના માધ્યમથી સંબંધિત ભલામણ સ્વીકારવામાં આવી હતી. જેમાં ઉમેદવાર ભારતના બંધારણની અનુસૂચિ– ૮ માં દર્શાવેલ ભાષામાંથી કોઈપણ ભાષામાં ઉત્તર આપી શકશે. પરંતુ પ્રશ્નપત્ર ફકત અંગ્રેજી અને હિન્દીમાં હશે તેવું નકકી કરાયું હતું.

(૭) સામાન્ય (જનરલ) કેટેગરીના ઉમેદવારો માટે વયમર્યાદા ૨૬ વર્ષથી વધારી ૨૮ વર્ષની કરવામાં આવી, જયારે આરક્ષણ ધરાવતા ઉમેદવારો માટે વયમર્યાદામાં પાંચ વર્ષની છૂટછાટ આપવામાં આવી. પ્રયાસોની સંખ્યામાં સામાન્ય (જનરલ) કેટેગરીના ઉમેદવારો માટે પ્રાથમિક કસોટી અને મુખ્ય પરીક્ષા માટે ત્રણ–ત્રણ પ્રયાસ આપવામાં આવ્યા, જયારે આરક્ષણ ધરાવતા ઉમેદવારો માટે વયમર્યાદા સુધી પ્રયાસ કરવાની છૂટ આપવામાં આવી.

(૮) સતીષચંદ્ર સમિતિના અમલીકરણમાં સને ૧૯૮૮માં થયેલા સુધારામાં પ્રાથમિક પરીક્ષામાં દરેક ખોટા પ્રશ્ન માટે નેગેટીવ માર્કસ દાખલ કરવામાં આવ્યા સાથે મુખ્ય પરીક્ષામાં એક નિબંધ પેપર રજૂ કરવા સંમતિ આપી હતી. જેના ૨૦૦ ગુણ રાખવામાં આવ્યા હતા. સને ૧૯૯૩ માં પરીક્ષાની યોજનામાં નિબંધનું અલગથી પેપર રજુ કરવામાં આવ્યું સાથે ઈન્ટરવ્યુને ૩૦૦ માર્કસનું કરી દેવામાં આવ્યું. વૈકલ્પિક વિષયોમાંથી ફ્રેન્ચ, જર્મન, રશિયન અને ચાઈનીઝ ભાષા સાહિત્યના પેપર કાઢી નાખવામાં આવ્યા. જયારે ઈલેકટ્રોનિક અને ટેલીકોમ્યુનિકેશન અને મેડીકલ સાયન્સ જેવા વૈકલ્પિક વિષયને પ્રાથમિક અને મુખ્ય પરીક્ષામાં ઉમેરવામાં આવ્યા.

(૯) સતીષચંદ્ર સમિતિની ભલામણના આધારે સીવીલ સર્વિસ પરીક્ષા માટેની રચના મુજબ જોઈએ તો, પ્રાથમિક પરીક્ષામાં કુલ બે પેપર હતા જેમાં ૧૫૦ ગુણનું જનરલ સ્ટડી અને એક વૈકલ્પિક વિષય ૩૦૦ ગુણનું હતું. વૈકલ્પિક વિષયની પસંદગી ૨૩ વિષયો પૈકી એક વિષયની હતી. ત્યારબાદ મુખ્ય પરીક્ષા માટે લાયક ઠરનાર

ઉમેદવાર માટે કુલ – ૯ પેપર હતા જેમાં અંગ્રેજી અને ભારતીય ભાષાના પેપર ૩૦૦–૩૦૦ ગુણના હતા અને જે ફકત કવોલીફાઈડ હતા. જયારે અન્ય સાત પેપરમાંથી બે પેપર જનરલ સ્ટડીઝ, બે પેપર પ્રથમ વૈકલ્પિક વિષયના અને બે પેપર ધ્વિતિય વૈકલ્પિક વિષયના હતા જે દરેકના ૩૦૦–૩૦૦ ગુણ હતા સાથે ૩૦૦ ગુણનું એક પેપર નિબંધનું ઉમેરવામાં આવ્યું હતું. ત્યારબાદ ઈન્ટરવ્યુ માટે લાયક ઠરનાર ઉમેદવાર માટે ૩૦૦ ગુણનું ઈન્ટરવ્યુ બાદ કુલ ૨૩૦૦ ગુણમાંથી મેરીટ આધારીત સેવાની ફાળવણી કરવામાં આવતી.

(૧૦) સને ૨૦૧૧ માં વૈકલ્પિક વિષય સાથે યુનિયન પબ્લીક સર્વિસ કમિશને મુખ્ય પરીક્ષા અભ્યાસક્રમમાં થોડો વધુ સામાન્ય રાખવાનો નિર્ણય કર્યો. જેનાથી પ્રશ્નપત્રમાં સંપુર્ણપણે ફેરફાર થયો. દરેક પરીક્ષા માટે બે વધારાના પેપર હતા. એ જ રીતે સને ૨૦૧૨ માં એક નિંબધ સાથે સામાન્ય અભ્યાસના બે પેપરો સામેલ થયા. આ ઉપરાંત સી.એ.એસ.ટી. અને પ્રાથમિક પરીક્ષા માટે મેરીટ લીસ્ટ તૈયાર કરવા માટે લાયક ગણવામાં આવ્યા.

(૧૧) વર્ષ ૨૦૧૩ માં વૈકલ્પિક વિષયોની સંખ્યા બે થી ઘટીને એકની થઈ. સામાન્ય અભ્યાસના પેપરની સંખ્યા બે થી વધીને ચાર ની થઈ. અગાઉના બે સામાન્ય અભ્યાસના પેપરને ત્રણ પેપરમાં વહેંચી નાખવામાં આવ્યા. સાથોસાથ એક નવું પેપર "નીતિશાસ્ત્ર – પ્રમાણિકતા અને યોગ્યતા" નું પેપર દાખલ કરવામાં આવ્યું. નિબંધ માટે ફાળવેલ કુલ ૨૦૦ ગુણમાંથી ૨૫૦ ગુણ નકકી કરવામાં આવ્યા અને કુલ પ્રશ્નોની સંખ્યામાં વધારો થયો. શબ્દમર્યાદામાં પણ ઘટાડો થયો.

(૧૨) વર્ષ ૨૦૧૪માં નિબંધોની સંખ્યા બે થઈ. પહેલાથી વિપરીત, જે ચાર વૈકલ્પિક પસંદગીઓ સાથેનો એક વિભાગ હતો જે ચાર વૈકલ્પિક પસંદગીઓવાળા બે વિભાગોમાં પરિણમ્યુ. પરીક્ષા માટેના પ્રયત્નોની સંખ્યા ચાર થી વધારીને છ કરવામાં આવી. ઉપરાંત સામાન્ય ઉમેદવારો માટેની મહત્તમ વયમર્યાદા ૩૦ વર્ષથી વધારીને ૩૨ વર્ષની કરવામાં આવી.

(૧૩) દર વર્ષે યુનિયન પબ્લીક સર્વિસ કમિશન ધ્વારા જાન્યુઆરી–ફેબ્રુઆરી માસમાં સીવીલ સર્વિસ પરીક્ષા માટેની જાહેરાત રજુ થતી હોય છે. જેમાં આઈ.એ.એસ., આઈ.પી.એસ. મળીને કુલ ૨૪ સેવાઓ માટે આશરે ૭૦૦ થી ૧૦૦૦ જગ્યાની સીધી ભરતીની રજુઆત કરવામાં આવતી હોય છે. જેના માટે શૈક્ષણિક લાયકાતમાં કોઈપણ પ્રવાહમાં (ફેકલ્ટી) સ્નાતક કક્ષાના છેલ્લાં વર્ષમાં અથવા સેમીસ્ટરમાં અભ્યાસ કરતાં અથવા સ્નાતક કક્ષાનો અભ્યાસ પૂર્ણ કરેલો હોવો જરૂરી છે.

(૧૪) આ પરીક્ષા માટે જનરલ કેટેગરીની વયમર્યાદા ૩૨ વર્ષ છે અને ઉમેદવારને સફળ થવા વધુમાં વધુ છ પ્રયાસ મળે છે. ઓ.બી.સી. કેટેગરીની વયમર્યાદા ૩૫ વર્ષ છે અને ઉમેદવારને સફળ થવા વધુમાં વધુ ૯ પ્રયાસ મળે છે. જયારે અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ કક્ષા માટે વયમર્યાદા ૩૭ વર્ષ છે અને ઉમેદવારને સફળ થવા માટે વયમર્યાદા સુધીના પ્રયાસો મળે છે. સાથે વર્ષ ૨૦૧૯ થી આર્થિક રીતે નબળા વર્ગ

(ઈ.ડબલ્યુ.એસ.) કેટેગરી ઉમેદવાર ઉમેરવામાં આવી. જેની હાલ ઉંમર મર્યાદા અને પ્રયાસોની સંખ્યા જનરલ કેટેગરીની સમકક્ષ જ છે.

**હાલની યુ.પી.એસ.સી. પરીક્ષા પધ્ધતિ :–**

(૧) હાલમાં યુ.પી.એસ.સી. પરીક્ષા બે ક્રમિક તબકકાઓમાં લેવામાં આવે છે. (૧) સીવીલ સર્વિસીસ પ્રાથમિક પરીક્ષાનો ઉદ્દેશ મુખ્ય પરીક્ષા માટે ઉમેદવારોની પસંદગી કરવાનો અને (૨) સીવીલ સર્વિસીસ મુખ્ય પરીક્ષા (લેખિત અને વ્યકિતગત કસોટી) નો ઉદ્દેશ ઉમેદવારોની વિવિધ સેવાઓ માટે પસંદગી કરવાનો છે.

(૨) પ્રાથમિક પરીક્ષામાં બહુવિધ પસંદગીવાળા પ્રશ્નોના બે પેપરો રહેશે. જેના દરેક પેપરના ૨૦૦ ગુણ હશે. ઉમેદવારે આ પરીક્ષા ફકત સ્ક્રીનીંગ પરીક્ષણ અર્થે આપવાની હોય છે. મુખ્ય પરીક્ષામાં પ્રવેશ માટે લાયક ઠરેલા ઉમેદવારો ધ્વારા પ્રારંભિક પરીક્ષામાં મેળવેલા ગુણ તેમની અંતિમ લાયકાત નકકી કરવા માટે ગણવામાં આવતા નથી. મુખ્ય પરીક્ષામાં પ્રવેશ મેળવનારા ઉમેદવારોની સંખ્યા કુલ જગ્યાઓના આશરે ૧૨ થી ૧૩ ગણા હોય છે.

(૩) યુનિયન પબ્લીક સર્વિસ કમિશન ધ્વારા લેવામાં આવતી સીવીલ સર્વિસીસ (પ્રિલીમનરી) પરીક્ષાના સામાન્ય અભ્યાસના પેપર–૨ માં ૩૩ ટકા ગુણના માપદંડના આધારે ઉમેદવારે લાયક ઠરવાનું રહેશે. જો ઉમેદવાર સામાન્ય અભ્યાસના પેપર–૨ માં લાયક હશે તો સામાન્ય અભ્યાસ પેપર–૧ ના ગુણના આધારે મેરીટ મુજબ મુખ્ય પરીક્ષા માટે લાયક ગણવામાં આવશે. બંને પેપરમાં દરેક પ્રશ્નનો ખોટો જવાબ તેમજ એક કરતાં વધારે જવાબ પસંદ કરવા બદલ પ્રશ્નના ગુણમાંથી ત્રીજા ભાગના ( ૦.૩૩) દંડ તરીકે કપાત કરવામાં આવશે. જો કોઈ પ્રશ્ન ખાલી રહે છે એટલે કે ઉમેદવાર ધ્વારા કોઈ જવાબ આપવામાં આવતો નથી તો તે માટે કોઈ દંડ થશે નહી.

(૪) મુખ્ય પરીક્ષામાં લેખિત પરીક્ષા અને ઈન્ટરવ્યુ પરીક્ષાનો સમાવેશ થાય છે. લેખિત પરીક્ષામાં કુલ – ૯ પેપરો છે જેમાંથી ઉમેદવારે બે પેપરમાં કુલ ગુણના ૨૫ ટકા ગુણથી કવોલીફાઈડ થવાનું રહેશે જેના ગુણ અંતિમ પરીણામમાં ગણવામાં આવશે નહી. જયારે અન્ય સાત પેપરની માહિતી નીચે મુજબ આપવામાં આવી છે.

**(એ) પ્રાથમિક પરીક્ષા :–**

| **પેપરની વિગત** | **વિષયો – અભ્યાસક્રમ** | **ગુણ (માર્કસ)** |
|---|---|---|
| પેપર–૧ | જનરલ સ્ટડીઝ (ઈતિહાસ, કળા, ભૂગોળ, પર્યાવરણ, બંધારણ, અર્થશાસ્ત્ર, વર્તમાન પ્રવાહો વિગેરે) | ૨૦૦ |
| પેપર–૨ | CSAT | ૨૦૦<br>(માત્ર કવોલીફાઈગ) |

| | | |
|---|---|---|
| બંને પ્રશ્નપત્રો MCQ આધારિત છે. (વૈકલ્પિક પ્રશ્નો), બે કલાકનો સમયગાળો અને નેગેટીવ માર્કસ (૦.૩૩ ટકા) | | |
| **(બી) મુખ્ય પરીક્ષા :–** | | |
| **પેપર** | **વિષયો – અભ્યાસક્રમ** | **ગુણ (માર્કસ)** |
| પેપર– એ | ભાષા (બંધારણની અનુસૂચિ– ૮ માં સૂચિત કોઈપણ એક ભાષા) | ૩૦૦ |
| પેપર– બી | અંગ્રેજી | ૩૦૦ |
| **(ઉપરોક્ત બંને પેપર માત્ર ક્વોલિફાઈંગ પેપર છે)** | | |
| પેપર– ૧ | નિબંધ | ૨૫૦ |
| પેપર– ૨ | સામાન્ય અભ્યાસ–૧<br>(ભારતીય ઈતિહાસ, કળા, ભૂગોળ, વિશ્વ ઈતિહાસ, સમાજ) | ૨૫૦ |
| પેપર– ૩ | સામાન્ય અભ્યાસ–૨<br>(શાસન, બંધારણ, રાજવ્યવસ્થા, સામાજિક ન્યાય, આંતરરાષ્ટ્રીય સંબંધો) | ૨૫૦ |
| પેપર– ૪ | સામાન્ય અભ્યાસ–૩<br>(તકનિકી, આર્થિક વિકાસ, જૈવવિવિધતા, પર્યાવરણ, સુરક્ષા, ડિઝાસ્ટર મેનેજમેન્ટ) | ૨૫૦ |
| પેપર– ૫ | સામાન્ય અભ્યાસ–૪<br>(નીતિશાસ્ત્ર, સત્યનિષ્ઠા અને અભિવૃત્તિ) | ૨૫૦ |
| પેપર–૬ | વૈકલ્પિક વિષય – પેપર–૧ | ૨૫૦ |
| પેપર–૭ | વૈકલ્પિક વિષય – પેપર–૨ | ૨૫૦ |
| | **કુલ માર્કસ** | **૧૭૫૦** |
| **(સી) ઈન્ટરવ્યુ** | | ૨૭૫ |
| | **કુલ માર્કસ** | **૨૦૨૫** |

યુનિયન પબ્લીક સર્વિસ કમિશને તેમની વિવેકબુધ્ધિ અનુસાર નિયત કરેલા મુખ્ય પરીક્ષાના લેખિત ભાગમાં આવા ન્યૂનત્તમ લાયક ગુણ મેળવેલા ઉમેદવારોને, પર્સનાલીટી ટેસ્ટ (ઈન્ટરવ્યુ) માટે બોલાવવામાં આવે છે. ઈન્ટરવ્યુ માટે બોલાવવાના ઉમેદવારોની સંખ્યા, ખાલી જગ્યાની સંખ્યાના લગભગ બમણા ઉમેદવારો હશે. ઈન્ટરવ્યુમાં ૨૭૫ ગુણ (ઓછામાં ઓછા ક્વોલીફાઈંગ ગુણ વિના) હશે. આમ, મુખ્ય પરીક્ષાના ઉમેદવારો ધ્વારા મેળવેલા ગુણ લેખિત

તેમજ ઈન્ટરવ્યુ સહિત તેમની અંતિમ રેન્કીંગ નકકી કરશે. ઉમેદવારોને પરીક્ષામાં તેમના ક્રમ અને વિવિધ સેવાઓ અને પદ માટે તેમણે વ્યકત કરેલ પસંદગીઓને ઘ્યાનમાં રાખીને વિવિધ સેવાઓ માટે ફાળવવામાં આવશે.

ઉપર પ્રમાણેની યુનિયન પબ્લીક સર્વિસ કમિશન ઘ્વારા લેવાતી સીવીલ સર્વિસ પરીક્ષાઓનું ધોરણ અને પ્રાથમિક સમજ આપવામાં આવેલ છે.

આ જ પ્રમાણે ગુજરાત રાજયમાં ગુજરાત રાજય સેવા કમિશન ઘ્વારા વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ યોજવામાં આવે છે. આ સ્પર્ધાત્મક પરીક્ષાઓ સામાન્ય રીતે ડેપ્યુટી કલેકટર, ડી.વાય.એસ.પી., મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, ડી.આઈ.એલ.આર., સેલ્સટેક્ષ ઓફીસર, લેબર ઓફીસર વિગેરે સંવર્ગની જગ્યાઓ માટે લેવામાં આવે છે. ગુજરાત રાજય સેવા આયોગ ઘ્વારા લેવામાં આવતી પરીક્ષાઓમાં સામાન્ય રીતે પ્રથમ પ્રાથમિક પરીક્ષા લેવામાં આવે છે અને પ્રાથમિક પરીક્ષામાં ઉર્તિણ થનારને લેખિત પરીક્ષા માટે બોલાવવામાં આવે છે અને લેખિત પરીક્ષામાં પાસ થનારને મૌખિક ઈન્ટરવ્યુ અને પર્સનાલીટી ટેસ્ટ માટે બોલાવવામાં આવે છે. પસંદગી સામાન્ય રીતે મેરીટ ઉપર કરવામાં આવે છે.

આમ યુ.પી.એસ.સી. અને જી.પી.એસ.સી. ઘ્વારા જે સ્પર્ધાત્મક પરીક્ષાઓનું આયોજન કરવામાં આવે છે તેમાં પરીક્ષામાં બેસવાલાયક ઉમેદવારો માટે પરીક્ષાને અનુરૂપ તૈયારીઓ કરાવવી જરૂરી જણાય છે. જેમાં લેખિત પરીક્ષા માટે, પ્રાથમિક પરીક્ષા માટે અને ઈન્ટરવ્યુ માટે યુવક–યુવતિઓને તૈયાર કરવામાં આવે તો આવી સ્પર્ધાત્મક પરીક્ષામાં તેઓ પોતાનું સારુ પ્રદાન કરી શકે અને પરિણામે રાજય સરકારની કે કેન્દ્ર સરકારની ઉચ્ચ પદવી ધરાવતી જગા ઉપર નોકરી કરવાની ઉમદા તક યુવક–યુવતિઓને પ્રાપ્ત થાય.

સામાન્ય રીતે ઉચ્ચ કક્ષાની ગુણવત્તા ધરાવતા યુવક–યુવતિઓને આવા તાલીમ વર્ગમાં પસંદ કરવામાં આવે તો પરિણામ સારૂ હાંસલ કરી શકાય તેમ છે. સંસ્થા ઘ્વારા આવો તાલીમ વર્ગ શરૂ કરવામાં આવે તો યુ.પી.એસ.સી. અને જી.પી.એસ.સી.ની સ્પર્ધાત્મક પરીક્ષામાં બેસવા લાયક ઉમેદવારો સંસ્થા ઘ્વારા નકકી કરવામાં આવતાં ધોરણો મુજબ પ્રથમ તેઓ લેખિત પરીક્ષામાં પાસ થાય અને ત્યારબાદ તેઓને મૌખિક ઈન્ટરવ્યુ માટે બોલાવવામાં આવે અને તેમાં પસંદ કરવામાં આવે તે પ્રમાણે ઓછામાં ઓછા ૧૦૦ જેટલા યુવક–યુવતિઓનો તાલીમ વર્ગ શરૂ કરવામાં આવે તો યોગ્ય અને વ્યાજબી ગણાશે.

સંસ્થા ઘ્વારા ૧૦૦ જેટલા યુવક–યુવતિઓ માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓના તાલીમ વર્ગ માટે જે ભૌતિક સુવિધાઓની સંસ્થાને જરૂર પડશે તે નીચે મુજબ દર્શાવવામાં આવેલ છે.

ડો. જીવરાજ મહેતા ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી, મોગર, જી. આણંદ (ગુજરાત) ધ્વારા આયોજિત સીવીલ સર્વિસ પરીક્ષા અને ગુજરાત સેવા આયોગ ધ્વારા યોજાનાર સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેની પૂર્વતૈયારીના તાલીમ વર્ગ માટે યોજાનાર પ્રવેશ પરીક્ષા અંગે ઓનલાઈન અરજીઓ સંસ્થા ધ્વારા મંગાવવામાં આવશે. ઓનલાઈન અરજીઓ કઈ તારીખ સુધીમાં સંસ્થાને મળે તે સંસ્થા ધ્વારા નકકી કરવામાં આવશે. ઓનલાઈન અરજીનો નમૂનો આ સાથે સામેલ કરવામાં આવેલ છે.

**સંસ્થામાં પ્રવેશ પ્રાપ્ત કરનાર ઈચ્છુક યુવક–યુવતિઓને આપવામાં આવનાર સગવડો :–**

(૧) રહેવા, જમવા, ફેકલ્ટી, લાયબ્રેરી – માટેની વાર્ષિક ફી – સંસ્થા જે નકકી કરે તે – રૂા...........

(વાલીની વાર્ષિક આવક રૂા. ૨,૦૦,૦૦૦/– કરતાં વધુ હોય તો )

(૨) રહેવા, જમવા, ફેકલ્ટી, લાયબ્રેરી – માટેની વાર્ષિક ફી – સંસ્થા જે નકકી કરે તે – રૂા...........

(વાલીની વાર્ષિક આવક રૂા. ૨,૦૦,૦૦૦/– કરતાં ઓછી હોય તો )

(૩) તેજસ્વી, જરૂરીયાતમંદ ઈચ્છુક યુવક–યુવતિઓને એક રૂપિયાના ટોકન ફી થી રહેવા, જમવા, ફેકલ્ટી, લાયબ્રેરી ,તાલીમ , માર્ગદર્શન સાથેની વ્યવસ્થા છે. જે ઈચ્છુક યુવક–યુવતિ પગભર થયે પરત કરવાના રહેશે.

(૪) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, ઓ.બી.સી. અને આર્થિક રીતે પછાત વર્ગ ના યુવક–યુવતિઓ માટે સંસ્થા ફીમાં છૂટછાટ આપી શકશે.

**ડો. જીવરાજ મહેતા ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી, મોગર, જી. આણંદ (ગુજરાત)**
**યુ.પી.એસ.સી. સીવીલ સર્વિસીસ પરીક્ષા અને જી.પી.એસ.સી. સ્પર્ધાત્મક પરીક્ષા માટે**
**પ્રશિક્ષણ વર્ગ – ૨૦૨૦–૨૧**
**(ડો. જીવરાજ મહેતા ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી, મોગર, જી. આણંદ (ગુજરાત)**
**ધ્વારા સંચાલિત આ પ્રશિક્ષણ વર્ગ છે. નોકરી માટેની જાહેરાત નથી.)**

યુ.પી.એસ.સી. ધ્વારા લેવાતી સીવીલ સર્વિસીઝ પરીક્ષા અને ગુજરાત પબ્લીક સર્વિસ કમિશન ધ્વારા લેવાતી જુદા જુદા સંવર્ગની સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ડો. જીવરાજ મહેતા ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી, મોગર, જી. આણંદ (ગુજરાત) નજીવા દરે તાલીમ આપે છે. જે અન્વયે યુ.પી.એસ.સી. ધ્વારા લેવાતી સીવીલ સર્વિસીઝ પરીક્ષા–૨૦૨૧ (આઈ.એ.એસ., આઈ.પી.એસ., આઈ.એફ.એસ. વિગેરે) ની તૈયારીના તથા ગુજરાત પબ્લીક સર્વિસ કમિશન ધ્વારા હવે પછી યોજાનાર જુદા જુદા સંવર્ગની સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીના પ્રશિક્ષણ વર્ગ – ૨૦૨૦ –૨૧ માટેની પ્રવેશ પરીક્ષા માટે માત્ર ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે. જે અન્વયે ઉમેદવારે તારીખ ...................... થી તારીખ ......................... દરમ્યાન ઓનલાઈન અરજી કરવાની રહેશે.

(૨) ઉકત તાલીમ વર્ગ સંબંધી માહિતી સારૂ ડો. જીવરાજ મહેતા ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી, મોગર, જી. આણંદ (ગુજરાત) ની કચેરીનો સંપર્ક કરવાનો રહેશે.

તારીખ :–

સહી/–
નિયામક
(સીવીલ સર્વિસીઝ પરીક્ષા પ્રભાગ)
ડો. જીવરાજ મહેતા ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી,
મોગર, જી. આણંદ (ગુજરાત)

## પ્રવેશ માટેની ઓનલાઈન અરજી ફોર્મનો નમૂનો :–

## ONE TIME REGISTERATION FORM

Date: ________________________ **Form No.:-**

Student's Full Name: ______________________________________

Recent Photograph

Mobile No.: ______________ Gender: ___________ DoB: _______________

Student's Email Id: _________________________________

Father's Name: ____________________________

Father's Mobile: _______________________

Native Place:_____________________

Address(Current): ___________________________________________

___________________________________________________________

Address(Permanent): ___________________________________________

___________________________________________________________

**Carrier Progress:**

| **Course** | **Year** | **Board/University Name** | **Percentage/Result** |
|---|---|---|---|
| SSC | | | |
| HSC/Equivalent | | | |
| Graduation-BE | | | |
| Other- | | | |

**Job Details:**

| **Institute/Company** | **Work Proflie** | **Duration** |
|---|---|---|
| | | |
| | | |
| | | |
| | | |

**Competitive Examination Records:**

| Examination | Year | Posts | Status |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |

**Declaration:**

I hereby declare that the details furnished above are true and correct to the bestof my knowledge. I shall abide by the rules and regulations of the institute. The institute can use my candidature to recognize the performance of the institute.

______________________________

Student's Sign

**Attached Documents :-**

Copy of School Leaving Certificate

10th Marksheet

12th Marksheet

Degree Certificate

Govt.ID Proof

Verified By

(Asst. Coordinator)

Recommended for admission.

(Coordinator)

Admitted.

(Director)

(૧) પ્રવેશ પરીક્ષાનું અરજી ફોર્મ તા. ............. સુધીમાં ઓનલાઈન (સંસ્થાની વેબસાઈટનો ઉલ્લેખ કરવો) ઉપર ભરવાનું રહેશે.

(૨) પ્રવેશ પરીક્ષા તા................ ના રોજ ડો. જીવરાજ મહેતા ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી, મોગર, આણંદ (ગુજરાત) ખાતે યોજાશે.

(૩) પરીક્ષા માટે પરીક્ષાર્થીને કોઈ ખર્ચ ચુકવવામાં આવશે નહી. પોતાના ખર્ચે અને જોખમે પરીક્ષા કેન્દ્ર ઉપર હાજર થવાનું રહેશે.

(૪) તાલીમવર્ગ માં ૮૦ ટકા હાજરી ફરજિયાત રહેશે.

(૫) સંસ્થાના નિયમોનું તાલીમાર્થીઓ ધ્વારા કડક પાલન કરવાનું રહેશે.

(૬) તાલીમ વર્ગમાં હોસ્ટેલની સુવિધા રાખવામાં આવેલ છે.

(૭) તાલીમ વર્ગો તા.................... થી શરૂ થશે. જેનો સમય સંસ્થા ધ્વારા જણાવવામાં આવશે.

તૈયાર કરનાર : એમ.બી.પરમાર
IAS (Retd.)